# સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*મેળાવળા - સમારંભો, સદંતર બંધ છે,*
*વિદેશી પ્રવાસીઓ પણ ઘરમાં બંધ છે!*
*બંધ છે નાક-મોઢાં શ્વાસ પણ છે અધ્ધર -*
*યુવા ને નડી છીંક - શાળા-કોલેજ બંધ છે!*

### હાઈકુ

*ચેપી રોગનો -*
*ફેલાયો છે આતંક -*
*વિશ્વ બિમાર...*
*(આતંકી અત્યાચાર)*

*લોકશાહીમાં*
*સરમુખત્યારીથી*
*સૌ ગૃહકેદ !?*
*(રોગનું શાસન)*

## ચિંતન

*કામં ક્રોધ લોભં મોહં ત્યક્ત્વાઽઽત્માનં ભાવય્ કોઽહમ્ ।*
*આત્મજ્ઞાનવિહીના મૂઢા - સ્તે પચ્યન્તે નરકનિગૂઢાઃ ॥*

ઉપરોક્ત શ્લોક ભજગોવિંદમ્‌માંથી લેવામાં આવેલ છે.

તજી કામને લોભ મોહ, ક્રોધ,
પૂછી ખુદને તું તુજને શોધ
મૂઢ ! જીવન છે વિના આત્મજ્ઞાન
નરકયાતના એ તું નિશ્ચિત જાણ ॥

જીવનમાં જીવન છે વિના આત્મજ્ઞાન ન થાય શરીરથી, વૃત્તિઓથી ભિન્ન થઈ જો આત્મા 'ખોજ' ન કરવામાં આવે તો જીવન પશુવત (ખાવું-પીવું-સૂવું) થઈ જાય છે.

કામ-ક્રોધ-લોભ-મોહના ત્યાગ કરી અધ્યાત્મ માર્ગે સત્સંગી જીવન જીવી જીવનનો 'વિવેક' સમજવો જરૂરી છે.

## સુવિચાર

- પથ પર શપથ ખોટા ન લેવા, ટેક અને ટેકો ટકે તેવા લેવા - **ભિખુદાન ગઢવી**
- વિતેલી હોય પોતાના પર તો જ શબ્દો સમજાય છે, બાકી તો બધાને સુવિચાર જ દેખાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે તમારી અંદર રહેલી ખુબીઓ શોધજો, બાકી તમારી ખામીઓ શોધવા તો ભગવાને દુનિયા બનાવી છે - **કાંતિ ભટ્ટ**
- વળાંક આવે તો વળવું જ પડે, એને રસ્તો બદલ્યો ના કહી શકાય - **બોધિવૃક્ષ**
- માણસ જુગાર કે સટ્ટો તો એવું ધારીને જ રમતો હોય છે કે આપણે તો જીતવાનાં જ, પરંતુ જિંદગીની બાજીમાં આવી માનિસકતા નથી અપનાવી શકતો - **મોરારિ બાબુ**
- દિવસની તમારી પ્રથમ નિષ્ફળતા ત્યારે શરુ થાય છે, જયારે તમે પાંચ મિનિટ વધુ ઊંઘવાની નક્કી કરો છો - **નવજોતસિંઘ સિદ્ધુ**
- આજનું ઔષધ : નસકોરી ફૂટે ત્યારે સફેદ સરકામાં રુનું પુમડું ભીંજવી નાકના ફોયણાં પાસે રાખવાથી લોટી વહેતું અટકે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

ગૌતમ બુદ્ધના પ્રવચન સાંભળવા એક માણસ આવતો. તેણે બુદ્ધને કહ્યું, 'હું રોજ આપનું પ્રવચન સાંભળું છું પણ ક્ષમા કરશો મને એનાથી કોઈ અસર થતી નથી. તેનું શું કારણ હશે ? શું મારામાં કોઈ ખામી છે ?' બુદ્ધે પૂછ્યું, આપ ક્યા રહો છો? માણસે કહ્યું, 'હું અહીંથી દૂર શ્રાવસ્તી ગામમાં રહ્ું છું.' બુદ્ધે કહ્યું, 'આપ પાછા કઈ રીતે જશો ?' પેલાએ કહ્યું, 'બળદ ગાડામાં કયારેક ઘોડા પર બેસીને' બુદ્ધે કહ્યું, 'માની લોકે બળદગાડું કે ઘોડો ન મળે તો બેઠા બેઠા તમે શ્રાવસ્તી પહોંચી શકશો ?' પેલા માણસનો જવાબ 'બેઠાં બેઠાં તો વળી કઈ રીતે પહોંચી શકાય?' ગાડી કે ઘોડો ન મળે તો ચાલવું તો પડે ને ? ગમે ત્યાં જવા માટે ચાલવું પડે. બેઠાં બેઠાં તો માણસ એક જગ્યાએ બેસી જ રહે ને...!! બુદ્ધે કહ્યું, 'આ આપે સમજદારીની વાત કરી. બેઠા બેઠા કયાંક પહોંચી શકાય નહીં. કોઈ પણ 'લય' સુધી પહોંચવા માટે ચાલવું પડે છે. હવે એ કહો મારી વાતને લઈને તમે કેટલે દૂર ચાલ્યા ? મતલબ કે આ વાત તમે જીવનમાં કેટલી હદે ઉતારી ? કોઈ પણ જ્ઞાન ત્યારે જ સાર્થક છે જયારે તમે વ્યાવહારિક જીવનમાં ઉતારવામાં આવે. માત્ર પ્રવચન સાંભળવાથી કે ઉપરછલ્લું અધ્યયન કરવાથી કંઈક જ પ્રાપ્ત થતું નથી.' પેલાં માણસે કહ્યું, 'મને મારી ભૂલ સમજાય છે. હવેથી હું આપના પ્રવચનની વાતો માત્ર સાંભળીશ નહીં, પણ તેને મારા જીવનમાં ઉતારવાનો પ્રયાસ પણ કરીશ.'

# અંતે, નિર્ભયાના પરિવારને ન્યાય...

**તંત્રીસ્થાનેથી...**

આજે વહેલી સવારે તિહાડ જેલની ચાર કાજળ કોટડીઓમાંથી કાળા માસ્ક પહેરાવી ચાર દુષ્કર્મીઓને એમના જઘન્ય અપરાધની રેરેસ્ટ ઓફ રેર સજા અપાઈ ચૂકી હોય તો એથી એમના પરિવારજનો સિવાય બાકીના કોઈને ભાગ્યે જ અરેરાટી થઈ હશે. બની શકે કે છેલ્લે કોઈ કાનૂની ગૂંચ ઊભી થઈ હોય અને સજા મુલતવી પણ રાખવી પડી હોય. જો કે એવી શક્યતા બહુ ઓછી બચી હતી. રાષ્ટ્રપતિની દયાની અરજી વાળા છેલ્લા વિકલ્પ પછી પણ આ અપરાધીઓને જીવવા માટે હવાતિયાં ચાલુ રાખ્યાં હતાં તે સર્વવિદિત છે. કયુરેટિવ પીટીશનો પર પણ અદાલતની નામરજી અને નામંજુરી પછી ભાગ્યે જ કોઈ વિકલ્પ બાકી રહ્યો હતો. છેલ્લે એક અપરાધીઓ તો પોતે તે દિવસે દિલ્હીમાં હતો જ નહીં, એવો દાવો કરી પોતાને ખોટી રીતે ફસાવાયો છે તથા બળજબરીપૂર્વક કબૂલાત કરાવાઈ છે - એવી ફેશ અરજી કરી હતી. આ તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. પવન ગુપ્તા નામના અપરાધીએ પોતે ગુનાના સમયે સગીર હોવાં છતાં ફસાવાયાની દાદ માગી હતી. એના વકીલે ફિલસૂફી હાકતાં દલીલો કરી તે પણ દાદ માગી લે એવી છે. ફાંસીનાં ફંદામાં દોરડાં સામે કોરોના વાઈરસ ડિસીઝ માટેના માસ્ક વધારવા પડશે, પ્રકૃતિ માફ નહીં કરે એવી દલીલ કરીને ફાંસીની સજા જ રદ કરવાની વાત કરી છે. પવન ગુપ્તાને એ 'સોળ વરસનો બાળક' ગણાવે છે. એક બાળ ગુનેગાર તો અઢાર વર્ષમાં થોડા દિવસ ખૂટતા હતા એ મુદ્દે કયારનોટ છૂટી ગયેલો છે. હકીકતમાં છ પૈકીનો સૌથી ક્રૂર ગુનેગાર તો એ કિશોર જ હતો જેણે નિર્ભયાની સાથે બે વાર બળાત્કાર કર્યા પછી લોખંડનો સળિયો એનાં ગુપ્તાંગમાં ખોસી દઈ એને બસની બહાર ફેંકી દીધી હતી. કામાંધ ગુનેગારોએ દુષ્કર્મ પતાવ્યા પછી પૅરા મેડિકલ વિદ્યાર્થીનીને અત્યંત નિર્દયતાપૂર્વક મોતને ઘાટ ઉતારવાનો જ પ્રયાસ કર્યો હતો. સરકારે છેક સિંગાપુરની શ્રેષ્ઠ હોસ્પિટલમાં રિફર કર્યા છતાં નિર્ભયા બચી શકી નહોતી. આવા ધૃણાસ્પદ ગુના પછી એના અપરાધીઓને ફાંસીથી ઓછી સજા થઈ જ ન શકે. દેશ આખો રસ્તા પર ઊતરી આવ્યો હતો અને તત્કાલીન સરકારને દુષ્કર્મની વ્યાખ્યા સુધ્ધાં બદલવી પડી હતી. સ્ત્રીઓ વિરુદ્ધ થતા યૌન શોષણ સંદર્ભે નિર્ભયાકાંડ સીમાચિહ્ન રુપ ઘટના હતી. અલબત્ત, કાયદો વધુ કડક બનાવાયા પછી પણ ગેંગરેપની ઘટનાઓ અટકી નથી, તે પણ નોંધવું જ રહ્યું. પરંતુ જો આવા ગુનેગારોને એક યા બીજા કારણસર કે કોરોના જેવા રોગચાળાના બહાના હેઠળ ફાંસીની સજામાંથી મુક્તિ મળી જાય તો તો ગુનાઈત માનસ ધરાવતા કામાંધ પુરુષોને ફાવતું જ જડે. તેલંગાણાની સરકારે અની પોલીસને આવા જ ગુનાસર ચાર અપરાધીઓનું એન્કાઉન્ટર કરવાની ઉઘાડી છૂટ આપીને પ્રજાની પ્રશંસા મેળવી હતી. સઉદી અરબમાં આવા અપરાધીને જાહેરમાં ગોળીએ દઈ ચૉક વચ્ચોવચ્ચ ક્રેન પર લટકાવી દેવાયાની ઘટના પણ ઘણાને યાદ હશે. માનવજીવનથી વધુ મૂલ્યવાન બીજું કંઈ જ ન હોઈ શકે, પરંતુ સામે જેણે જીવન ગુમાવ્યું, અસહ્ય વેદના સાથે દમ તોડ્યો એ જીવને પણ ન્યાય તો મળવો જોઈએ. નિર્ભયાએ મરતાં મરતાં પોતાની સાથે દુષ્કર્મ કરનારાઓને ફાંસી થાય એવી માગણી રજૂ કરી હતી અને એની એ માગણી છેલ્લાં સાત વરસથી એની માતાને જંપીને બેસવા દેતી નહોતી. કોઈના અકુદરતી મોતનો આનંદ ન મનાવાય, પરંતુ ન્યાયતંત્રએ કયારેક આવા કઠોર નિર્ણયો - ચુકાદા પણ આપવા પડે છે. કાયદો અને વ્યવસ્થા એ માટે આવી કઠોરતા અનિવાર્ય બની રહે છે.

# સજ્જનોનાં ઘરોમાં તમે લક્ષ્મી છો

ચૈત્ર સુદ એકમથી નોમ ચૈત્રી નવરાત્રી છે. આ સમયમાં માતૃ-ઉપાસનાનું સવિશેષ મહત્ત્વ છે.

માર્કન્ડેય પુરાણ (ઈ.સ. છઠ્ઠી સદી પહેલાં) માં 'દુર્ગા સપ્તશતી'નો સમાવેશ છે. દુર્ગાના સાતસો શ્લોકો. આમાં તેર અધ્યાય છે. ચોથા અધ્યાયમાં 'શક્રાદિસ્તુતિ' છે. આ દિવસોમાં આ સ્તુતિના પાઠનો મહિમા છે. યુદ્ધમાં દેવોને પક્ષે રહીને ભગવતી દુર્ગાએ મહિષાસુરનો વધ કર્યો અને દેવોને વિજય અપાવ્યો. એટલે ઈન્દ્ર (=શક્ર) વગેરે દેવોએ ભગવતીની સ્તુતિ કરી. ૪૨ શ્લોકની આ સ્તતિ છે. આમાંથી કેટલાક અહીં આપ્યા છે.



સજ્જનોનાં ઘરોમાં તમે લક્ષ્મી છો; એ રીતે દુર્જનોના ઘરોમાં અલક્ષ્મી છો. બુદ્ધિશાળીઓનાં હૃદયમાં તમે સાચી પ્રેરણા છે. સદગૃહસ્થોની તમે શ્રદ્ધા છો અને શાલીન લોકોમાં લજ્જા છો. હે 'દેવી ! તમને અમારા પ્રમાણ છે. તમે સંસારનું સરસ રીતે પાલન કરો. (૫)

તમારા સ્વરુપનું અમે વર્ણન શું કરીએ ? એનો તો વિચાર જ ન થઈ શકે, અસુરોનો સંપૂર્ણ નાશ કરી નાખે, એવું તમારું અતિશય પરાક્રમ કેવું ? હે દેવી ! યુદ્ધ થાય ત્યારે, બધા દેવો અને અસુરોના સમૂહો વચ્ચે તમારા (પરાક્રમ)નાં ચરિત કેવાં અદ્ભૂત ? (૯)

હે દેવી ! તમે મેધા છો; એમાં બધાં શાસ્ત્રોના સાર તમે જાણી લીધા છે. તમે દુર્ગા છો. સંસારનો સાગર દુર્ગમ છે, પરંતુ તમે નૌકા છો. નિઃસ્વાર્થભાવે પાર કરાવી આપો છો. ભગવાન વિષ્ણુના હૃદયમાં એકમાત્ર તમે રહેલા છો; લક્ષ્મી છો. તમે જ ગૌરી છો. તમારે કારણે ભગવાન શંકરને પ્રતિષ્ઠા છે. (૧૧)

હે દુર્ગા ! જો કોઈ પ્રાણી તને યાદ કરે, તો તું તેનો ભય સંપૂર્ણપણે દૂર કરી દે છે. જે કોઈ સ્વસ્થ પણે તને સ્મરણમાં રાખે, એની મતિને તું કલ્યાણ આપી દે છે. દરિદ્રતા, દુઃખ, ભય - આ બધાંને તારા સિવાય બીજું કોણ દૂર કરે ? સૌ કોઈ ઉપર ઉપકાર કરવા માટે તારું ચિત્ત હંમેશા પીગળેલું જ હોય છે (૧૭)



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

હે દેવી ! તમારું શીલ જ એવું છે - બીજાઓની બલકી વૃત્તિઓ શમી જાય. એવું જ તમારું સ્વરુપ છે. એનો વિચાર જ ન થઈ શકે. બીજા કોઈ સાથે એને સરખાવી ન જ શકાય. અને તમારું પરાક્રમ પણ શક્તિશાળી અસુરોનો નાશ કરે છે. તો પણ તમે તમારા શત્રુઓ તરફ દયા જ દાખવતા હો છો. (૨૧)

તમારા આ પરાક્રમને કોની સાથે સરખાવી શકાય? અને આ તમારું રુપ કેવું ? શત્રુને ભય આપે છતાં એકદમ મનોહર. હે વરદાન આપનારી દેવી !

ત્રણેય લોકમાં અમે તારી પાસે જ જોયું છે. યુદ્ધ સમયે નિર્દયતા હોય; પરંતુ મનમાં કૃપાનો ભાવ હોય (૨૨)

ત્રણેય લોકમાં તમારા સૌમ્ય રુપો વિચરી રહ્યા છે; એ જ રીતે અત્યંત ભયંકર રુપો વિચરે છે. આનાથી તમે અમારું રક્ષણ કરો અને સંસારનું પણ રક્ષણ કરો. (૨૬)

હે અંબિકા ! ખડ્ગ, શૂળ, ગદા વગેરે (ભયંકર) હથિયારો છે એ તમે કૂંપળ જેવા કોમળ હાથમાં ધારણ કરેલાં છે. આ બધાં શસ્ત્રોથી અમારી બધી રીતે, બધી બાજુએથી રક્ષણ કરો. (૨૭)

# ચરક ઋષિનું નામ કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ?



ખજાનો
અનિલ પટેલ

## ભારતનો ઈતિહાસ

૧ આગ્રા શહેરની સ્થાપના કોણે કરી હતી ?
(અ) મહોમદ ઘોરી (બ) સિકંદર લોદી
(ક) બાબર (ડ) કુત્બુદ્દીન ઐબક

૨ ભારતને 'સોનેકી ચીડિયા' કયા અંગ્રેજ કહેતા હતા ?
(અ) રોબર્ટ કલાઈવ (બ) લોર્ડ ડેહલાઉસી
(ક) લોર્ડ બિન્ટન (ડ) રીંપન

૩ દિલ્હીની ગાદી પર રાજ કરનાર છેલ્લા રાજપૂત રાજા કોણ હતા ?
(અ) પૃથ્વીરાજ ચૌહાણ (બ) મહારાણા પ્રતાપ
(ક) ઉદયસિંહ (ડ) ભીમદેવ સોલંકી

૪ મોગલોની રાજકીય ભાષા કઈ હતી ?
(અ) ઉર્દૂ (બ) અરબી
(ક) હિન્દી (ડ) ફારસી

૫ શેરશાહનો મકબરો સાસારામ કયાં રાજયમાં છે?
(અ) દિલ્હી (બ) ઉત્તરપ્રદેશ
(ક) બિહાર (ડ) આંધ્રપ્રદેશ

૬ નાલંદા વિશ્વ વિદ્યાલય પર હુમલો કરી કોણે નાશ કર્યો હતો ?
(અ) બેહલોલ લોદીએ (બ) ઉલ્લાઉદ્દીન ખિલજીએ
(ક) ઈબ્રાહીમ લોદીએ (ડ) સિકંદર લોદીએ

૭ લોદી વંશની સ્થાપના કોણે કરી હતી ?
(અ) સિકંદર લોદી (બ) ઈબ્રાહીમ લોદી
(ક) બેહુલોલ લોદી (ડ) અનવર લોદી

૮ ચરક ઋષિનું નામ કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ?
(અ) ખગોળશાસ્ત્ર (બ) રાજનીતિ
(ક) ખોરાકશાસ્ત્ર (ડ) ચિકિત્સાશાસ્ત્ર

૯ મયૂહ સિંહાસનનું નિર્માણ કોણે કર્યું હતું ?
(અ) શાહજહાં (બ) અકબર
(ક) જહાંગીર (ડ) ઔરંગઝેબ

૧૦ મલિક કાફૂર કોનો સેનાપતિ હતો ?
(અ) બાબર (બ) અલ્લાઉદ્દીન ખિલજી
(ક) સિકંદર લોદી (ડ) મહંમદ ઘોરી

૧૧ ઔરંગઝેબનું મૃત્યુ કઈ સાલમાં થયું હતું ?
(અ) ઈ.સ. ૧૬૮૦ (બ) ઈ.સ. ૧૬૯૦
(ક) ઈ.સ. ૧૭૦૦ (ડ) ઈ.સ. ૧૭૦૭

૧૨ ચંદાવરનું યુદ્ધ કોની વચ્ચે થયું હતું ?
(અ) જયચંદ - મહંમદ ઘોરી (બ) અકબર - રાણાપ્રતાપ
(ક) બાબર - ઈબ્રાહીમ લોદી (ડ) હુમાયુ - શેરશાહ

૧૩ ગુજરાતનું કયું બંદર 'બાબુલ કા મક્કા' તરીકે ઓળખાતું હતું ?
(અ) ખંભાત (બ) વેરાવળ
(ક) સુરત (ડ) પોરબંદર

૧૪ કયો શાસક 'ગુલરુખી' ઉપનામથી કવિતાઓ લખતો હતો ?
(અ) શાહજહાં (બ) સિકંદર લોદી
(ક) જહાંગીર (ડ) ઔરંગઝેબ

૧૫ ગુપ્તકાળની રાજકીય ભાષા કઈ હતી ?
(અ) ભોજપુરી (બ) હિન્દી
(ક) સંસ્કૃત (ડ) પાલી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૦ માર્ચ : વિશ્વ ચકલી દિવસ**
  - વિશ્વ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યૂટનનું નિધન (૧૭૨૭)
  - વિશ્વનાથ ભટ્ટનો જન્મદિવસ (૧૮૯૮)
  - પ્રસિદ્ધ સિંગર અલકા યાજ્ઞિકનો જન્મદિવસ (૧૯૬૬)
  - બોલીવુડની હિરોઈન કંગના રનૌતનો જન્મદિવસ (૧૯૮૭)
- **૨૧ માર્ચ : વિશ્વ વન દિવસ / વર્લ્ડ પોએટ્રી ડે**
  - શહનાઈ વાદક બિસ્મીલ્લાખાંની જન્મજયંતિ (૧૯૧૩)
  - એમ.એન. રોય (માધવેન્દ્રનાથ)ની જન્મજયંતિ (૧૮૯૨)
  - 'પદ્મભૂષણ' સન્માનિત અનન્ય સમાજ સેવિકા પુષ્પાબેન મહેતાનો જન્મદિવસ (૧૯૦૫)
  - બોલીવૂડની પ્રખ્યાત હિરોઈન રાની મુખરજીનો જનમદિવસ (૧૯૭૮)
- **૨૨મી માર્ચ : આંતરરાષ્ટ્રીય જલદિવસ / વિશ્વ દૃષ્ટિ દિવસ**
  - નર્મદ સુવર્ણ ચંદ્રક સન્માનિત પંડિત યુગના રામપ્રસાદ બક્ષીનું નિધન (૧૯૮૯)
  - માઈક્રોસોફ્ટ વિન્ડોઝ ૩.૦ વર્ઝન રજુ કર્યું (૧૯૯૦)
  - સુવર્ણ મંદિરને હરમિંદર સાહિલ નામ આપવામાં આવ્યું (૧૯૯૬)
  - રોબર્ટ બેડન - પોવેલની જન્મજયંતિ (૧૮૫૭)
- **૨૩ માર્ચ : વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ**
  - શહીદવીર ભગતસિંહની પુણ્યતિથિ (૧૯૩૧)
  - ગુજરાતી પત્રકારત્વનો આદિપુરુષ ફરદુનજી મર્જબાનનું નિધન (૧૮૪૭)
  - ભારતમાં પ્રથમ વિજળી લાઈન નંખાઈ (૧૮૫૪)
  - રાઈટ બ્રધર્સે વિમાનની પેટન્ટ મેળવી (૧૯૦૩)
  - ઓલ રાઉન્ડર કપીલદેવે અંતિમ ટેસ્ટ રમી (૧૯૯૪)
- **૨૪ માર્ચ : વિશ્વ ક્ષય દિવસ / ભારતીય ડાકજીવન વિમા દિવસ**
  - પદ્મશ્રી એવોર્ડ સન્માનિત પર્યાવરણ વિદ રુબિન ડેવિડનું નિધન (૧૮૯૮)
  - ઈતિહાસ અને સાહિત્યના સંશોધનકાર વામનરાય બસુનુંન નિધન (૧૯૩૦)
  - કવિ - વિવેચક ભાનુપ્રસાદ પંડ્યાની જન્મજયંતિ (૧૯૩૨)
  - દેશનો પ્રથમ લાંબો તાર સંદેસ કલકત્તાથી આગ્રા મોકલ્યો (૧૮૫૫)
- **૨૫ માર્ચ :**
  - મહારાષ્ટ્રના પ્રખર રાજનીતિજ્ઞ અને પેશવાઓના ખજાનચી નાના ફડનવીસનું નિધન (૧૮૦૦)
  - ભારતની પ્રથમ દૂધ ભરેલી ટ્રેન આણંદથી ૨ હજાર કિ.મી. નું અંતર કાપી કોલકાત્તા પહોંચતી (૧૯૮૬)
  - નોરમન બોરલોગ (યુ.કે.)ની જન્મજયંતિ (૧૯૧૪)
  - સાહિત્યકાર - પત્રકાર ચંદ્રકાન્ત બક્ષીની પુણ્યતિથિ (૨૦૦૬)
- **૨૬ માર્ચ :**
  - જર્મન કવિ જહોન વુલ્ફગેગ ગેટેનો જન્મદિવસ (૧૭૪૯)
  - ઈજિપ્તના રાષ્ટ્રપતિ અનવર સાદાએ ઈઝરાયેલ સાથે શાંતિ કરાર કર્યો (૧૭૭૯)
  - વિજયગુપ્ત મૌર્યની જનમજયંતિ (૧૯૦૯)
  - ઊર્મિ કવિ નાનાલાલની જનમજયંતિ (૧૮૭૭)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કોંગ્રેસમાંથી રાજીનામુ મુકી ભાજપમાં જોડાનાર જ્યોતિરાદિત્ય સિંધિયાના પિતાનું નામ શું હતું?**
**જવાબ : માધવરાવ સિંધિયા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જૂ. સાયન્સ કોલેજ (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) શિવાંગ પટેલ : સરગાસણ (૭) પુનમભાઈ મિસ્ત્રી : રાંધેજા (૮) નટુભાઈ દરજી : પેથાપુર

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કયા પૂર્વ ચીફ જસ્ટીસને રાષ્ટ્રપરતિએ રાજયસભાના સદસ્ય તરીકે નિયુક્ત કર્યા?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# મોબાઈલ ફોન - વર્ગખંડ શિક્ષણનું દૂષણ કે આભૂષણ ?



રંગ-ઉમંગ
કાનન ઓઝા

આધુનિક ટેકનોલોજીનો વર્ગખંડ શિક્ષણમાં પ્રવેશ એ આવકાર્ય અને ઉલ્લાસ ઉપજાવનારી ઘટના ઘણી શકાય. આમ છતાં એક સિક્કાની બે બાજુની જેમ કયારેક જે પોષતું તે મારતું પણ બની જાય છે. જેનું એક ઉદાહરણ મોબાઈલ ફોન ગણી શકાય. મોબાઈલ ફોનની શોધ અને ઉપયોગ કરવાની આવડતે વ્યક્તિની સોચ જ બદલી નાખી છે. આજે મોબાઈલ ફોન વિદ્યાર્થી આલમમાં શૈક્ષણિક સાધન નહીં પણ સ્ટેટ્સ સિમ્બોલ બની રહ્યો છે. મોબીલીટીએ મોર્ડનાસીટી અને પર્સનાલીટી ગણાય છે, ત્યારે શિક્ષણઆલમમાં તેના ઉપયોગ અને પ્રતિઉપયોગ સાથેની ચર્ચાઓ થવા લાગી છે.

હમણાં જ ઘટેલી બે ઘટનાઓ આખા દેશના શિક્ષણ ચિંતકો, મનોવૈજ્ઞાનિકો અને મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરો માટે ખાસું એવું ધ્યાન દોર્યું છે. પટનાની એક શાળામાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પાસેથી તેની સ્કૂલબેગમાંથી મોબાઈલ મળતાં તે વિદ્યાર્થીનીને શાળામાંથી હાંકી કાઢવામાં આવી. તો બીજી અન્ય એક કૉલેજમાં એક વિદ્યાર્થીનીનો મોબાઈલ ચાલુવર્ગમાં રણકી ઉઠતાં જ તેની શિક્ષિકાએ લાફો ઝીંકી દીધો હતો. આ બંને ઘટનાઓ વાલી, વિદ્યાર્થી અને શિક્ષકને સામસામે લાવી દીધાં હતાં. એક ટીવી ચેનલે તો આ માટે ચર્ચા પણ ગોઠવી હતી. ત્યારે સૌના મનમાં પ્રશ્ન થાય જ કે વર્ગખંડમાં - શાળા કે કોલેજ કોમ્પસમાં મોબાઈલ ફોનની જરૂર કેટલી ? શાળા-કૉલેજોમાં મોબાઈલ ફોન જરુરી છે તેવું માનનારા વિદ્યાર્થીઓ અને વાલીની દલીલ એવી છે કે મોબાઈલ ફોન સુરક્ષા પૂરી પાડે છે. ખાસ કરીને છોકરીઓ પક્ષે આ દલીલ કેટલાક અંશે સાચી પણ જણાય છે. એવી કેટલીક ઘટનાઓ બનતી હોય છે કે જે વખતે તાત્કાલિક સહાયની જરૂર હોય ત્યારે વિદ્યાર્થી તાત્કાલિક વાલીનો સંપર્ક સાધી શકે છે. આ ઉપરાંત ઘર કે શાળામાં બનતી ઘટનાઓથી વિદ્યાર્થી તાત્કાલિક વાલીનો સંપર્ક સાધી શકે છે. આ ઉપરાંત ઘર કે શાળામાં બનતી ઘટનાઓથી વિદ્યાર્થી કે વાલીને તાત્કાલિક જાણ કરીને આયોજન બદલી શકાય છે. વિદ્યાર્થી કયાં છે અને શું કરે છે તેની માહિતી વાલી ઈચ્છે ત્યારે લઈ શકે છે. આમ વાલીઓ ચિંતા મુક્ત બની શકે છે. અકસ્માક કે બિમારી વખતે મોબાઈલ ફોન રાહત અપાવવામાં કયારેક મદદરુપ પણ થાય છે. આમ મોબાઈલ વાલીને વિદ્યાર્થીના સતત સંપર્કમાં રહે છે.

મોબાઈલ સર્વિસ પૂરી પાડનાર વર્ગનું કહેવું એવું છે કે, આજના આ અતિઆધુનિક ઈન્ટરનેટના યુગમાં વિદ્યાર્થીઓને મોબાઈલથી દૂર રાખવા એ વિદ્યાર્થીઓ સાથેની ક્રૂરતા જ ગણાય. મોબાઈલને શૈક્ષણિક સાધન તરીકે લેખાવતા આ વર્ગના મતે મોબાઈલ દ્વારા ઈન્ટરનેટ કે એસ.એમ.એસ.નો ઉપયોગ કરીને વિદ્યાર્થી પોતાની શૈક્ષણિક માહિતી મેળવી શકે છે, વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ છૂટથી કરવા દેવો જોઈએ. આ લેખના લેખક પોતે જ અધ્યાપક હોવાને નાતે કેટલાક અનુભવોને આધારે મોબાઈલ ફોનને વર્ગખંડ શિક્ષણનું દૂષણ માને છે. આ લેખકને જ અનેકવાર એવા અનુભવો થયા છે કે અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા સરસ રીતે ચાલી રહી હોય અને ત્યાં જ કોઈનો મોબાઈલ ખખડી ઊઠે આખો વર્ગ ચલિતતાના પંથે ! તો વળી કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષણકાર્ય ચાલુ હોય ત્યારે એકબીજાને એસ.એમ.એસ. કરીને સમય પસાર કરતા હોય છે. જેઓ બેઠા હોય છે વર્ગમાં પણ તેમનું મન બીજે ભટકતું હોય છે. કોઈ વિદ્યાર્થીને એસ.એમ.એસ. ફ્રી ન હોય તો તે વળી મોબાઈલ કોઈ ગેઈમ રમતો હોય છે. આમ મોબાઈલ એક એવી ચીજ છે કે જે વિદ્યાર્થીનું ચિત્ત બગાડે છે. ચિત્ત કેટલી હદ સુધી બગડ્યું છે તે માટે સમાજશાસ્ત્રીઓએ એક સંશોધન કરવા જેવું છે. જેમાં દરેક વિદ્યાર્થીના મોબાઈલમાં રહેલા એસ.એમ.એસ. જો વાંચવામાં આવશે તો ખ્યાલ આવશે કે તેઓ કેવા એસ.એમ.એસ. પસંદ કરે છે. મારા મતે જો આવો અભ્યાસ કરવામાં આવે તો ૫૦ ટકા અભદ્ર જોક્સ, ૨૫ ટકા શેર શાયરી, ૨૦ ટકા નિર્દોષ જોક્સ અને ૫ ટકા મૂલ્યોની ખિલવણી માટેના સૂત્રો હશે. આમ એસ.એમ. એસ. એટલે સ્ટુડન્ટ મોડકેપ સર્વિસ (વિદ્યાર્થીને વિકૃતચિત્તવાળાં બનાવનારી સેવા) અથવા તો સ્ટુડન્ટ મિસચિફ સર્વિસ એવું પણ કહી શકાય. વર્ગખંડમાં મોનીટરનું સ્થાન આજે મોબાઈલે લઈ લીધું છે. રિસેસના સમયે કે કયારેક જાહેરમાં પણ ખાનગીમાં મોબાઈલ વડે છોકરીઓના ફોટા પાડતા વિદ્યાર્થીનો કઈ રીતે બચાવ કરવો ? આ ઉપરાંત મોબાઈલ ફોન છોકરા અને છોકરીઓને સંપર્ક લાવનાર અને રાખનાર એજન્ટનું કામ પણ કરે છે. હજારો વ્યક્તિઓની વચ્ચે ચાલતા પ્રેમાલાપ માટે કોઈ શંકા પણ કરી શકતુ નથી ! શાળા-કૉલેજમાં મોબાઈલ ફોન રાખવાના બચાવની સામે બચાવ કરી શકાય કે, શાળા કૉલેજોમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા જાય છે. ત્યારે તેમનામાં અન્ય દૂષણો પ્રવેશે તેવી તકો શા માટે આપવી ? હા... કયારેક વિદ્યાર્થી અને વાલી વચ્ચે ઓચિંતી વાત કરવાની જરૂરિયાત ઊભી થાય તો વાલી કૉલેજના ફોન પર સંપર્ક કરી શકે છે. કોઈ પણ શાળા કોલેજ ના નથી પાડતી તો નાની-શાળા - કોલેજ ફોન કરવાની પણ કારણ તપાસીને સગવડ આપે છે. મોટી શાળા કૉલેજોએ આ માટે શાળા કોલેજોમાં જ પબ્લિક ટેલિફોનની સગવડ ઊભી કરવી જોઈએ. જેથી વિદ્યાર્થી વિના સંકોચે સરળતાથી ઉપયોગ કરી શકે. મોબાઈલ પ્રોવાઈટરની દલીલ ગળે ઉતરે તેવી નથી.

આજે પણ શાળા કૉલેજોમાં જયાં કોમ્પ્યુટર પર જ ઈન્ટરનેટનો પૂરતો ઉપયોગ થતો નથી ત્યાં મોબાઈલ દ્વારા ક્યાંથી કરવાના છે. કેટલા વિદ્યાર્થીઓ મોબાઈલ પર ઈન્ટરનેટની સુવિધા ધરાવ છે ? અરે,

અનુસંધાન પાના નં ૭ પર